# પૂ.લાલચંદભાઈના પ્રવચનો
## પ્રવચન નં :- ૨૮, સમયસાર ગાથા ૩૧
## તા. ૧૮-૧૦-૮૭

શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર તેનો જીવ નામનો પ્રથમ પૂર્વરંગ અધિકાર. આત્માનું, શુધ્ધાત્માનું શું સ્વરૂપ છે, શુધ્ધાત્માનો સ્વભાવ શું શું છે અને પર્યાયમાં વિભાવ શું છે એ બતાવનારું કથન છે. તેમાં ભાવેન્દ્રિયનો બીજો બોલ ચાલે છે.

**જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી** એટલે જાણવાના ઉપયોગથી **તેઓ,** તેઓ એટલે ભાવેન્દ્રિય જ્ઞાનનો ઉઘાડ કે જેને ભાવેન્દ્રિય કહેવાય તેને **જેઓ વિષયોને** એટલે જાણવાના પદાર્થોને **ખંડખંડ ગ્રહણ કરે છે.** એક એક વિષયને ગ્રહણ કરે છે એકને જાણે છે કે જે જ્ઞાનનો અંશ છે તે બીજાને જાણી શકતું નથી. એક ભાવને જાણે છે આંખ રૂપને જાણે છે તો આંખ ગંધને કે શબ્દને જાણતું નથી. એમ કાન દ્વારા જે ભાવેન્દ્રિય શબ્દને સાંભળે છે તો તે કાન દ્વારા ખાટા-મીઠા રસનું તેને જ્ઞાન ને ભાન થતું નથી.

**જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે (અર્થાત્ જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે)** જ્ઞેયના સંબંધ વડે જ્ઞાન ખંડખંડ દેખાય છે. તેનું લક્ષ ઈન્દ્રિયજ્ઞાન ઉપર છે. મને આ જણાય છે, આ જણાય છે, આ જણાય છે કે આ જણાય છે. એમ જ્ઞેયો ભિન્ન ભિન્ન છે અને જ્ઞેય ઉપર લક્ષ રાખીને તે જ્ઞાનને જુએ છે. તો જ્ઞાન સ્વભાવ ત્રિકાળ જ્ઞાયક અખંડ હોવા છતાં તેના ઉપર દૃષ્ટિ જતી નથી અને જ્ઞેયના સંબંધવાળું જે જ્ઞાન તેના ઉપર દૃષ્ટિ જાય છે તો એ જ્ઞાન અનેકાકાર ખંડખંડ એને દેખાય છે. એ ખંડખંડ દેખાય છે એ ભાવેન્દ્રિય છે.

આત્મા અખંડ છે, ભાવેન્દ્રિય ખંડખંડ છે. ખંડખંડ છે. ખંડખંડનો અર્થ શું? કે જ્ઞેયના સંબંધથી જ્ઞાયકભાવ એકરૂપ હોવા છતાં પણ લક્ષ અખંડ જ્ઞાનાનંદ પરમાત્મા ઉપર તેનું લક્ષ નથી, તો લક્ષ છે જ્ઞેય પર. તો જ્ઞેયને પ્રસિધ્ધ કરનાર ખંડજ્ઞાન તો જ્ઞાન અનેકાકારરૂપ લાગે છે. હમણાં મેં ભગવાન મહાવીરની પ્રતિમાને જાણી, હમણાં ઋષભદેવ ભગવાનની પ્રતિમાને જાણી, હવે પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાને મેં જાણી, હવે સમયસારની ૩૧ ગાથાને જાણી, હવે ૩૨ને જાણી, ૩૩ના આંકડાને જાણ્યા. તો તે જ્ઞેય વિધ વિધ છે. વિધ વિધ જ્ઞેય ભેદ અનેક પ્રકારના ત્યાં છે. તો તેના ઉપર લક્ષ રાખવાથી જ્ઞાન વિધ વિધ લાગે છે, છે જ્ઞેય અનેક અને ભાસે છે જ્ઞાન અનેક.

જ્ઞાન અભેદ એકાકાર એક હોવા છતાં પણ ત્યાં સુધી તેની દૃષ્ટિ પહોંચતી નથી. જ્ઞાયક તો સ્વભાવ

છે સામાન્ય અતિન્દ્રિયજ્ઞાનમય આત્મા એ તો અખંડ છે, તે એકાકાર છે અને તે એક છે તો તેનું જેને લક્ષ નથી, આશ્રય નથી, પ્રતીતમાં નથી તેનું લક્ષ પરજ્ઞેય પર છે. તો પરજ્ઞેયને જાણવાવાળી જે ઈન્દ્રિયજ્ઞાન-ભાવેન્દ્રિય છે તે પણ અનેકાકારરૂપ ભાસે છે. આને જાણ્યું, આને જાણ્યું, આને જાણ્યું, આને જાણ્યું. જ્ઞાને જાણ્યું, જ્ઞાન જાણ્યું, જ્ઞાન જાણ્યું, જ્ઞાન જાણ્યું એમ નથી આવતું. મેં જ્ઞાન જાણ્યું, જ્ઞાન જાણ્યું, જ્ઞાન જાણ્યું, જ્ઞાન જાણ્યું, ભલે જ્ઞેય ગમે તેટલા પણ ફરે, જ્ઞેય ગમે તેટલા પણ વિષય બદલે.

વિષય બદલવાથી જેની દષ્ટિ જ્ઞાયક ઉપર છે તે તો એમ જાણે છે કે મને તો જ્ઞાન જાણવામાં આવે છે. જ્ઞેય જાણવામાં આવતું જ નથી. કેમકે જ્ઞેયના સંબંધથી જે ખંડજ્ઞાન પર દષ્ટિ હતી તે, ભાવેન્દ્રિયને જીતવાથી તે અખંડ જ્ઞાનાનંદ પરમાત્માને જોવે છે. તેને પ્રસિધ્ધ કરવાવાળું અતીન્દ્રિયજ્ઞાન પણ જોવામાં આવે છે. અને અતીન્દ્રિયજ્ઞાનનો વિષય એક છે ફરતો નથી. ઈન્દ્રિયજ્ઞાનનો વિષય ફરે છે. જ્ઞાયક ફરતો નથી અને જ્ઞાયકને પ્રસિધ્ધ કરવાવાળું અતીન્દ્રિયજ્ઞાન પણ ફરતું નથી. તે ઈન્દ્રિયજ્ઞાન અનેકને જાણે છે. તે વખતે અતીન્દ્રિયજ્ઞાન જે પ્રગટ થયું તે એકને જોવે છે. મને તો જ્ઞાન જાણવામાં આવે છે અર્થાત્ હું તો જ્ઞાયકને જાણું છું. જાણવાવાળો જ જાણવામાં આવે છે એવી તેને પ્રતીતિ અને પરિણતિ ચાલુ થઈ જાય છે.

પણ અનાદિકાળથી જેણે ભાવેન્દ્રિયને જીતી નથી, ભાવેન્દ્રિયને પોતાનું કાર્ય માને છે તે જ્ઞેય હોવા છતાં પણ જ્ઞાન માની લ્યે છે. તેથી આચાર્ય મહારાજ જિતેન્દ્રિયોને જીતવું, ઈન્દ્રિયજ્ઞાન-ભાવેન્દ્રિયજ્ઞાનને જીતવાથી મોહની જીત થઈ જાય છે. કેમકે ભાવેન્દ્રિય જેને જાણે છે તેને પોતાનું માની લ્યે છે. તો ભાવેન્દ્રિયની પ્રવૃત્તિ મોહ સહિત હોય છે. અર્થાત્ મોહ જવા છતાં રાગ સહિત હોય છે. ભાવેન્દ્રિયનો જે વ્યાપાર છે તે અજ્ઞાનીને મોહ સહિત હોય છે. જ્ઞાનીને પણ ભાવેન્દ્રિય તો રહે છે પણ મોહ રહિત (હોય છે.) મોહ રહિત હોવાથી મોહ તો ન રહે પણ જ્ઞાન જેને જાણે છે તેની સાથે અસ્થિરતાનો રાગ ઉત્પન્ન થઈ જાય છે. તે તેનો સ્વભાવ જ છે.

એવી રીતે ભાવેન્દ્રિયને જીતવાથી મોહ મિથ્યાત્વનો, અજ્ઞાનનો અભાવ થઈ જાય છે. **એવી ભાવેન્દ્રિયોને પ્રતીતિમાં આવતા,** શ્રધ્ધામાં રુચિમાં પોતાનો શુધ્ધાત્મા પ્રતીતિમાં આવતા પ્રતીતિમાં, શ્રધ્ધામાં, જ્ઞાનમાં, રુચિમાં, પ્રીતિમાં શું આવે છે? કે **પ્રતીતિમાં આવતા અખંડ,** ખંડજ્ઞાનની સામે અખંડ લીધું. તે ત્રિકાળીદ્રવ્ય લેવું, પર્યાય ન લેવી. અખંડ એક ઈન્દ્રિયજ્ઞાન પાંચ હતી, અનેક હતી ભાવેન્દ્રિય અને ભગવાનઆત્મા તો અખંડ અને એક.

અને તે **અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે,** તે જ્ઞેયની શકિત હતી. અહીં ચૈતન્યશકિત જુદી છે, જ્ઞેયની શકિત જુદી છે. ભાવેન્દ્રિય જ્ઞેયશકિત છે અને આત્માની જ્ઞાનશકિત છે. જ્ઞાનશકિત ભિન્ન અને

જ્ઞેયશક્તિ ભિન્ન છે. પોતાના **ચૈતન્યશક્તિપણા વડે,** એટલે કે પોતાના શુદ્ધાત્માના અવલંબન વડે. બધામાં વડે, વડે આવે છે. જુદા પાડવાનું સાધન. દ્રવ્યેન્દ્રિયથી જુદા પાડવા, ભાવેન્દ્રિયથી જુદા પાડવા. ભાવેન્દ્રિયનો વિષય છે પાંચ પદાર્થ તેમાં પણ વડે. બધામાં વડે, વડે, સાધન. જુદા પાડવાની વિધિ શું છે કે **અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે સર્વથા પોતાથી જુદી જાણી;** ઓહોહો! આ જે શાસ્ત્રજ્ઞાન છે ને, શાસ્ત્રજ્ઞાન અથવા દેશનાલબ્ધિ સાંભળે કે શાસ્ત્ર વાંચે. એવું જે ખંડજ્ઞાન ભાવેન્દ્રિય તેનાથી જુદા કર્યા.

પોતાના **અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે** એટલે કે તેના આશ્રયથી. વડે એટલે? તે સાધનથી. ભેદજ્ઞાન. પોતાના **ચૈતન્યશક્તિપણા વડે** અર્થાત્ તેના આશ્રયથી. સર્વથા પોતાથી જુદી જાણી. એ જે ખંડજ્ઞાન ભાવેન્દ્રિય, ક્રમિકજ્ઞાન, કમજોરજ્ઞાન, જ્ઞેયમિશ્રિતજ્ઞાન, રાગમિશ્રિતજ્ઞાન, પરના સંબંધવાળું જ્ઞાન તે બધા જ્ઞેય છે, ભાવેન્દ્રિય છે. તેને **ચૈતન્યશક્તિપણા વડે સર્વથા,** કથંચિત્ નહીં. નિશ્ચયમાં સર્વથા હોય છે. સર્વથા પોતાથી એટલે પોતાનો અતીન્દ્રિયજ્ઞાનમય મહા પદાર્થ જે ભગવાનઆત્મા છે તેને (ભાવેન્દ્રિયને) પોતાથી જુદી જાણી. એટલે કે જે જ્ઞાન આત્માને જાણે છે તે જ્ઞાન ઈન્દ્રિયજ્ઞાનને ભિન્ન જાણે છે.

જે ત્રિકાળીસ્વભાવ છે તે ઈન્દ્રિયજ્ઞાનને ભિન્ન નથી જાણતો. ત્રિકાળીસ્વભાવને જાણવાવાળું નવું અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે તે અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થયું કે હું તો અતીન્દ્રિય મહાપદાર્થ છું. આ ખંડજ્ઞાન મારું નથી. મારી ચીજ નથી. તો જાણ્યું કોણે? કે નવા જાત્યાંતરજ્ઞાન. શ્રીમદ્જીએ કહ્યું, કે જે જ્ઞાન ભવહેતુક થતું હતું તે જ્ઞાન જાત્યાંતર થઈને ભવની નિવૃત્તિ થઈ ગઈ. એટલે કે અતીન્દ્રિયજ્ઞાન જ્ઞાયકની સન્મુખ થઈને આ 'હું અતીન્દ્રિયજ્ઞાનમય મહાપદાર્થ છું' એવું જે જ્ઞાને જાણ્યું તે જ્ઞાને ભાવેન્દ્રિયને જુદી જાણી. જે આત્માને જાણે છે તે ભાવેન્દ્રિયને જુદી જાણે છે. જે આત્માને નથી જાણતો તે ભાવેન્દ્રિય જુદી છે તે જાણી શકતો નથી. પરિણમન થઈ ગયું. જોયું?

પોતાથી જુદી જાણી, એમ. જાણવામાં આવ્યું કે આ ખંડજ્ઞાન મારી ચીજ નથી. મારાથી જુદી છે. શાસ્ત્રજ્ઞાન જુદું છે, પ્રતિમાનું જ્ઞાન જુદું છે. પ્રતિમાની પૂજાનો રાગ તો જુદો છે જ, પ્રતિમાની પૂજાનો જે રાગ છે, ભાઈસાહેબ! એ તો જુદો છે. પણ રાગ અને પ્રતિમાને જાણવાવાળું જે જ્ઞાન છે તે જ્ઞાન પણ મારાથી જુદું છે. કોણે જાણ્યું? કે જેણે આત્માને જાણ્યો એવા જ્ઞાને એ ભાવેન્દ્રિય, રાગ અને પ્રતિમા જુદા છે, મારી ચીજ નથી. એમ અનુભવથી જુદા જાણ્યા. શાસ્ત્રથી નહીં, ધારણાજ્ઞાનથી નહીં. પોતાના અનુભવથી તે જુદુ જણાય છે. ધારણાજ્ઞાન સુધી તો અનંતવાર આવ્યો. ૩૧ ગાથામાં લખ્યું છે એવું બોલે તે તો બોલી દયે બધા. અક્ષરે અક્ષર બોલી દયે. શાસ્ત્ર ખોલવાની જરૂરત નથી. ધારણાજ્ઞાન કોઈને હોય છે. ૩૧ ગાથા બોલી દયે. બોલે કોણ? બોલવાવાળો જુદો અને બોલવાવાળાને

જાણવાવાળો જુદો અને તેનાથી જાણવાવાળો ત્રીજો જુદો તે હું છું.

બોલવાવાળું પુદ્ગલ છે. તેને જાણવાવાળું જ્ઞેય છે અને જ્ઞેય અને ભિન્નજ્ઞેય બે જ્ઞેયને જાણવાવાળો જ્ઞાયક જુદો છે. તે જ્ઞાયકને જેણે જાણ્યો તેણે જાણ્યું કે ભાવેન્દ્રિય ભિન્ન છે. જ્ઞાયકને જાણ્યા વિના ભાવેન્દ્રિય ભિન્ન છે એવું ભેદજ્ઞાન થતું નથી. અભેદનું જ્ઞાન થયું, જ્ઞાયકનું જ્ઞાન થયું જાણવાવાળાને જાણી લીધો તો જાણવાવાળાને જાણ્યો, તો જાણવાવાળાએ શું જાણ્યું? કે એ જે ભાવેન્દ્રિય છે ખંડજ્ઞાન નાશવાન છે, પરાધિન છે, કર્મનું કાર્ય ને કર્મનું કારણ છે, મૂર્તિક છે, અમૂર્તિકને જેણે જાણ્યું એવા જ્ઞાને જેણે અમૂર્તિકને જાણ્યું તે જ્ઞાને ઇન્દ્રિયજ્ઞાન મૂર્તિકને જાણી લીધું. અરે! આ તો મૂર્તિક છે. તે મારો સ્વભાવ નથી. તેનું નામ ભાવેન્દ્રિયને જીતવી કહેવામાં આવે છે. એ ભાવેન્દ્રિયનું જીતવું થયું.

હવે ૪૯ ગાથા કાઢો. તેના ટેકા (માટે). ૪૯ ગાથા છે.

**જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યક્તિવિહીન છે,**
**નિર્દિષ્ટ નહીં સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.**

**ગાથાર્થ :- હે ભવ્ય!** હે લાયક પ્રાણી, આહાહા! હે ભવ્ય! અમે જે વાત કહીએ છીએ તે તું પ્રીતિથી સાંભળશ અને અમારો કહેવાનો આશય છે તે તું પકડીશ, એવી ભવ્યતા તારામાં અમે જોઈ લીધી છે. **હે ભવ્ય!** આહાહા! **તું જીવને રસરહિત** જાણ, છેલ્લા શબ્દ, **'જાનીહિ'** આમ જાણ, આમ છે એમ નહીં. આમ તું જાણ કે આ આત્મા છે તે રસથી રહિત છે. પછી રસના એક એકના બોલ ઉતારશે. આ આત્મા છે તે **રૂપથી રહિત** છે. આ આખા શાસ્ત્રમાં રહિતની મુખ્યતા છે. આખા શાસ્ત્રમાં (રહિતની મુખ્યતા છે) રહિત શબ્દ છે ને. આહાહા! **ગંધરહિત** જાણ. આ આત્મા છે તે ગંધરતિ છે તેમ જાણ.

**અવ્યકત અર્થાત્ ઈન્દ્રિયોને ગોચર નથી એવો** જાણ. **ચેતના જેનું લક્ષણ છે, ગુણ છે એવો** જાણ. **શબ્દરહિત છે એવો** જાણ. અને **કોઈ ચિહ્નથી જેનું ગ્રહણ** એટલે કે જ્ઞાન **નથી** થતું **એવો** જાણ અને **જેનો કોઈ આકાર કહેવાતો નથી એવો,** આહાહા! એવા આત્માને તું **જાણ.** હવે આપણે તો જે પાંચ છે ને રસરહિત, ગંધરહિત તે લેવું છે.

**ટીકા :- જે જીવ છે તે ખરેખર પુદ્ગલદ્રવ્યથી અન્ય હોવાથી,** આ આત્મા છે તે પુદ્ગલ જે દ્રવ્ય છે તેનાથી અન્ય હોવાથી. હોવાથી, હોવાથી. જુદું કરવાનું નથી. પુદ્ગલ ચૈતન્યઆત્માથી જુદું જ છે. તમારે શાસ્ત્ર જોઈએ છે? છે કે નહીં? ગુજરાતી, હા. હિન્દી નથી જોઈતું. **જે જીવ છે,** એટલે કે **જે જીવ છે,** પહેલો બોલ છે ને? આત્મસિદ્ધિશાસ્ત્રનો? જીવ છે, પછી બીજો બોલ જીવ નિત્ય છે. પહેલો શું છે? જીવ છે, આમાં પહેલું શું આવ્યું? કે જે જીવ છે.

મુમુક્ષુ :- પોતાના અસ્તિત્વની સિદ્ધિ.

ઉત્તર :- અસ્તિત્વની સિધ્ધિ. છે છે ને છે. **જે જીવ છે તે,** છે તે, કેવો છે જીવ? **ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં** એટલે કે આત્મામાં, જીવમાં રસગુણ વિદ્યમાન નથી. પુદ્‌ગલનો જે રસગુણ છે તે પુદ્‌ગલ તેમાં નથી તેથી જે પુદ્‌ગલનો ગુણ રસ છે, ખાટો-મીઠો. ખાટો-મીઠો જે રસ છે તે આત્મામાં નથી તેથી આત્મા અરસ છે. ચૈતન્યરસ છે પણ પુદ્‌ગલનો રસ તેમાં નથી તે બતાવવું છે. આહાહા! ચૈતન્યરસથી તો ભરેલો છે. અને પુદ્‌ગલના ખાટા-મીઠા રસથી ખાલી, શૂન્ય, રહિત છે.

બીજો બોલ, **પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ રસગુણ નથી માટે અરસ છે.** પહેલામાં પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન, બીજા બોલમાં પુદ્‌ગલના ગુણથી પણ ભિન્ન. પુદ્‌ગલથી ભિન્ન અને પુદ્‌ગલના ગુણથી પણ ભિન્ન. પુદ્‌ગલનો રસ નામનો ગુણ છે તેનાથી પણ ભિન્ન છે.

ત્રીજો બોલ, **પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહીં હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી માટે અરસ છે.** તે જે આપણો દ્રવ્યન્દ્રિયનો બોલ આવ્યો ને પહેલાં? દ્રવ્યેન્દ્રિય પછી ભાવેન્દ્રિય. બે બોલ ચાલ્યા. દ્રવ્યેન્દ્રિય કાન, નાક, કાન, નાક, આંખ છે ને? તે બધી દ્રવ્યેન્દ્રિય છે. તે પુદ્‌ગલની પર્યાય છે. પહેલાં પુદ્‌ગલદ્રવ્યથી જુદા, પુદ્‌ગલદ્રવ્યના ગુણ જે રસગુણ તેનાથી પણ જુદા અને પુદ્‌ગલની પર્યાય શું લીધી? કે દ્રવ્યેન્દ્રિય છે તે પુદ્‌ગલની પર્યાય છે. તે જીવના પરિણામ નથી. આહા! બે બોલમાં દ્રવ્યેન્દ્રિય પહેલાં લીધી હતી ને તે દ્રવ્યેન્દ્રિયથી જુદું બતાવે છે અહીં. ૩૧ ગાથા અનુસાર.

**પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું,** ધણીપણું. આ કાન છે ને, તો કહે કાન તારા નથી. અરે! મારા કાનની વાત કરો છો કે તમારા કાનની? કે તારો કાન પણ નહીં અને મારો કાન પણ નહીં. આ કાન તારો નથી. તારો કાન કેમ કહું? કેમ કે તારી ચીજ તો છે નહીં. તેં માની લીધું છે કે કાન મારો છે. કાન વિનાનો છે અને નાક વિનાનો છે. નાક નથી આત્મામાં. તેમ **પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ,** પણ **તેને** એટલે કે આત્માને **નહીં હોવાથી,** આહાહા! સંબંધ નહીં હોવાથી. નહીં હોવાથી નહીં હોવાથી. નહીં હોવાથી. પ્રથમથી-અનાદિથી.

અનાદિથી દ્રવ્યેન્દ્રિયનો સ્વામી આત્મા થયો નથી અને થઈ શકતો નથી. માન્યું છે કે શરીર મારું. શરીરનો સ્પેરપાર્ટ જે આંખ છે તે મારી છે, કાન મારા છે, નાક મારું છે, જીભ મારી છે. તે મારું મારું માને છે પણ જીવનું થતું નથી. તે તો બળી જાશે. તે બધી તો રાખ થઈ જશે. આત્માની સાથે તે દ્રવ્યેન્દ્રિય આવશે? નહીં આવે. અચ્છા! ત્રણ વાત થઈ. **નહીં હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી માટે અરસ છે.** શું કહ્યું?

આ જે જીભ છે ને જીભ તે દ્રવ્યેન્દ્રિય છે. તે દ્રવ્યેન્દ્રિય દ્વારા ખાટા-મીઠા રસને આત્મા જાણતો નથી. આ જે દ્રવ્યેન્દ્રિય છે તે રસને જાણવાનું માધ્યમ, સાધન નથી. અરે ભાઈ! સાકર અહીં (મોઢામાં)

રાખીએ છીએ તો મીઠી લાગે છે. લીંબુ અહીં રાખ્યું તો ખાટું લાગ્યું. એવું જ્ઞાન જીભ ઉપર મુકવાથી તો થયું. અહીં (હાથ ઉપર) લીંબુ રાખે, ટીપા લગાવે તો ખાટાનું જ્ઞાન થતું નથી. જીભ ઉપર લીંબુના ટીપા પડયા તો ખાટા છે કે મીઠા તેનું જ્ઞાન તો થયું. જ્ઞાન ન થયું અજ્ઞાન થયું.

તને રસનું જ્ઞાન, પુદ્‌ગલના રસનું જે જ્ઞાન છે તે જ્ઞાન દ્રવ્યેન્દ્રિયનું આલંબન લઈને જ્ઞાન થયું એવી તને ભ્રાંતિ થઈ ગઈ. તેથી કોઈ પણ પદાર્થ જાણવા માટે તું દ્રવ્યેન્દ્રિયનું અવલંબન લે છે. પરપદાર્થને જાણવા માટે આત્માનું અવલંબન લેવું જોઈએ. આહા! કેવળજ્ઞાન થઈ જશે. કેવળજ્ઞાન થવા પહેલાં શ્રુતજ્ઞાન પણ થઈ જશે. આહાહા! ભાવ તો કેવળીને (સિધ્ધને) જીભ જોઈએ. કારણ કે ખાટા-મીઠા રસનું જ્ઞાન તો તેનું છે. તેની પાસે છે કે નહીં? ખાટા-મીઠા રસનું જ્ઞાન. છે કે નહીં? બધું જાણે છે. તો જીભ તો નથી, તો રસને જાણે. જરૂરત નહીં? અચ્છા. કેમ? કે તે સાધન જ નથી.

પરપદાર્થ જાણવા માટે દ્રવ્યેન્દ્રિય સાધન નથી. આહાહા! કેટલી મોટી ભૂલ! આહાહા! એમ થોડું જાણવામાં આવી ગયું તો મેં જાણી લીધું એવું અભિમાન કરે છે. બાકી તો અંદરમાં ઊંડા ઉતરે, એક એક ગાથામાં. આહાહા! દ્રવ્યેન્દ્રિય જીભ છે તેના દ્વારા, તેના માધ્યમથી, તેને સાધન બનાવીને ખાટા-મીઠા રસને જાણતા નથી. કેમ? કે તે તેનો સ્વામી નથી. સ્વ-સ્વામી સંબંધ આ જીભ મારી સ્વ અને હું તેનો સ્વામી. સ્વ-સ્વામી સંબંધનો પુદ્‌ગલ દ્રવ્યેન્દ્રિયની સાથે આત્માનો અભાવ છે. આહાહા!

જ્ઞાયક મારો સ્વ અને હું તેનો સ્વામી. એવો તો વ્યવહાર છે. પણ આ જીભ મારી સ્વ અને હું તેનો સ્વામી એવો વ્યવહાર પણ નથી. એ તો અજ્ઞાન છે. આહાહા! આ તો સમયસાર છે. શુધ્ધાત્માની પ્રાપ્તિનું શાસ્ત્ર છે. શું કહ્યું? કે આ જે દ્રવ્યેન્દ્રિય છે તેમાં રસેન્દ્રિય તેના દ્વારા સ્પર્શ અને રસ. પહેલાં રસ લીધો. તો તે રસ જે પદાર્થનો રસ, જાણવાનું સાધન ઈન્દ્રિયજ્ઞાનને માને છે તે ઈન્દ્રિયજ્ઞાન અને આત્માનું એકત્વ માને છે. એકત્વ માને છે તેથી તેના સાધનથી હું જાણું છું. એકતાબુધ્ધિ થઈ ગઈ. ચેતન અને જડની એકતા થઈ ગઈ. દેહ અને આત્મા એક થઈ ગયા. દેહથી તો જુદો માનું છું. દેહથી તું જુદો છે? ઠીક છે. અચ્છા! અને રસને જાણવા માટે તારી પાસે શું સાધન છે? રસને જાણવા માટે જીભ છે મારી પાસે સાધન. દેહથી જુદો અને આ જે દ્રવ્યેન્દ્રિય એના દ્વારા હું રસને ચાખું છું. તો દેહ અને ઈન્દ્રિય એક જ ચીજ છે. તે તેનો સ્પેર પાર્ટ છે.

આ મોટર મારી નહીં પણ તેના હેન્ડલને શું કહે છે? સ્ટીયરીંગ એ મારું. અરે! સ્ટીયરીંગ મારું તો મોટર મારી થઈ ગઈ આખી મોટર. એમ એક સ્પેરપાર્ટને, જીભને મારી માની. તે રસને ચાખે છે તો રસનું જ્ઞાન, રસનું જ્ઞાન સીધું આત્માથી કરવું જોઈએ તો સીધું આત્માનું અવલંબન ન લીધું અને દ્રવ્યેન્દ્રિયનું અવલંબન લઈને ખાટા-મીઠાનું જે જ્ઞાન કરે છે તે અજ્ઞાની છે. ખરેખર તો એવું છે નહીં. કેમકે ઈન્દ્રિયજ્ઞાનનો આત્મા સ્વામી નથી. દ્રવ્યેન્દ્રિયનો સ્વામી આત્મા નથી.

ત્રણ બોલ થયા. છ બોલ છે. છ માંથી ત્રણ થઈ ગયા. હવે ચોથો બોલ ભાવેન્દ્રિયનો છે. તે આનાથી સૂક્ષ્મ છે. ઉત્તરોત્તર પહેલાં સ્થૂળ, પછી થોડો સ્થૂળ, પછી થોડો સ્થૂળ, સૂક્ષ્મ, સૂક્ષ્મ, સૂક્ષ્મત્તર. એવી રીતે બતાવે છે. કે **પોતાના સ્વભાવની દષ્ટિથી જોવામાં આવે તો,** એ શર્ત છે. એ શર્ત છે. કે પોતાનો ત્રિકાળી સામાન્ય શુધ્ધાત્મા, જે અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાનઆત્મા છે. તેની અંતરદષ્ટિથી જોવાથી, જોવામાં આવે તો, તો શું છે? આહા! તેને જોવાથી ખબર પડે છે. તેને ન જોવે તો મારું માની લ્યે છે. ભાવેન્દ્રિયને પોતાની માને છે.

આત્માને જોયા પછી પૂછો તો? ભાવેન્દ્રિય મારી નથી. હું ધ્યાન કરું છું, તારી પાસે ધ્યાનનું સાધન શું છે? કે જે વર્તમાન ઉઘાડ છે તે ધ્યાનનું સાધન છે. તે ભાવેન્દ્રિય છે. ભાવેન્દ્રિય દ્વારા ધ્યાન થઈ શકતું નથી. આહાહા! તેની જાતનું જ્ઞાન જોઈએ. તે જાત જુદી છે. ભાવમન જુદું છે અને જ્ઞાન જુદું છે. આહા!

**પોતાના સ્વભાવની દષ્ટિથી જોવાથી,** જોવામાં આવે તો, તું જો તો, જોવામાં આવે એટલે તું અંતર્મુખ થઈને જો તો, એમ. બીજાનું કામ નથી એમાં. બીજાનું કામ નથી. તું અંતરદષ્ટિ વડે જો તો **ક્ષાયોપશમિકભાવનો પણ તેને** એટલે આત્માને એટલે મને **અભાવ હોવાથી,** અભાવ વર્તમાનમાં અભાવ. બધાની પાસે ક્ષયોપશમજ્ઞાન છે, ઉઘાડ, ભાવેન્દ્રિયની અસ્તિ છે. ભાવેન્દ્રિયની ક્ષયોપશમજ્ઞાનની અસ્તિ છે પણ મારામાં નાસ્તિ છે. એવી અસ્તિવાળો હું છું. તેના ઉપર દષ્ટિ દેવાથી મસ્તી પ્રગટ થઈ જાય છે, સમ્યગ્દર્શન. ગુણવંતભાઈ! આ ભેદજ્ઞાનની વાત ચાલે છે.

આખું જગત દ્રવ્યેન્દ્રિય મારી, કાન મારો, અને કદાચ માનો કે એ તો જડ છે મારી નહીં પણ આ જીભ વડે રસને ચાખું તે મારું અને પાંચ ઈન્દ્રિયને છોડે તો મન મારું. દ્રવ્યમન મારું અને ભાવમન પણ મારું, આહાહા! અજ્ઞાની છે. દ્રવ્યમન તારું નથી અને ભાવમન પણ તારું નથી. તે પણ ક્ષયોપશમજ્ઞાન છે. આહાહા! અલૌકિક વાત છે અલૌકિક. વ્યવહારનો પક્ષ, સૂક્ષ્મ વ્યવહારનો પક્ષ રહી જાય છે. વ્યવહારનો પક્ષ રહેવાથી નિશ્ચયનો પક્ષ નથી આવતો. પણ નિશ્ચયનો પક્ષ નથી આવતો તેથી પક્ષાતિક્રાંત નથી થતો. આહા! એ ભાવેન્દ્રિયની જે ભૂલ છે ને (તે) સૂક્ષ્મ છે. બહુ જ સૂક્ષ્મ છે.

જુઓ! જંગલમાં બે હજાર વર્ષ પહેલાં તાડપત્ર ઉપર લખ્યું છે. આહા! દિગંબર આચાર્યોએ લખ્યું, બોલો! અને તેના જે અનુયાયી કહે છે અમે દિગંબર છીએ તે જાણતા નથી કે શું ધર્મપિતા લખી ગયા છે. આહાહા!

મુમુક્ષુ :- મૂળ દિગંબર.

ઉત્તર :- મૂળ દિગંબર. અમે તો મૂળ દિગંબર તમે તો નવા થઈ ગયા. અમે તો જનમથી દિગંબર છીએ. આહાહા! આ ભાવેન્દ્રિય મારી છે તે દિગંબર જૈન નથી. અજૈન છે.

મુમુક્ષુ :- બિલકુલ સાચી વાત છે એમ કહે છે.

ઉત્તર :- એવો સ્વીકાર કર્યો તમે? નહીં. સ્વીકાર નથી કર્યો. આહાહા! આ બધાની વાત હું નથી કરતો. હું જનરલ વાત કરું છું. તમારી વાત નથી કરતો. હું જનરલ વાત કરું છું. કે જે ભાવેન્દ્રિય છે તે મારી છે એમ જે માને છે તે અજ્ઞાની છે. જ્ઞાની નથી. નામ નિક્ષેપે જૈન હોવા છતાં પણ ભાવ નિક્ષેપે અજૈન છે. આહાહા! નામથી જૈન, આહાહા! નામ છે બુધ્ધિસાગર, નામ છે જ્ઞાનસાગર પણ મીંડા (ઝીરો.) ભાઈ! સમજવા જેવી ચીજ છે. તમારું શાસ્ત્ર છે. તેનાથી તેનું સ્પષ્ટીકરણ થાય છે.

આચાર્ય મહારાજ ફરમાવે છે કે સાંભળ આ તારી ભૂલ. એ જે તારા જ્ઞાનનો જે ઉઘાડ છે તે તારો નથી. તારી ચીજ તેનાથી જુદી છે. તે તારી ચીજ તારી માલિકીની નથી. એ તો ક્ષયોપશમજ્ઞાન ભાવેન્દ્રિય, તે સ્વ અને હું તેનો સ્વામી. એવો સ્વ-સ્વામી સંબંધ ખંડજ્ઞાનની સાથે ભાવેન્દ્રિયના જ્ઞાનની સાથે આત્માને નથી. જે માને છે તે અજ્ઞાની છે. આહાહા!

હું કર્તા અને તે જે જ્ઞાન થયું તે મારું કાર્ય. અજ્ઞાની છે. આહાહા! એ જ્ઞાન નથી જ્ઞેય છે. અને તે જ્ઞેય જ્ઞાનથી ત્રણેકાળ ભિન્ન છે. માન તો બલિહારી અને ન માન તો તારી હોનહાર. કોઈ શું કરે, આહા! દિગંબર સંતો તો અસલી વાત બતાવે છે. કેમ આત્માનો અનુભવ થાય અને સંસારના દુઃખથી જીવ છૂટી જાય. કરુણા કરીને બતાવે છે. આહાહા! આજ માને કે કાલ માને આ ભાવેન્દ્રિય મારાથી ભિન્ન છે. ત્યારે આત્માના દર્શન થાય છે. બાકી દર્શન થવાના નથી.

આત્માને જાણવા માટે તો ભાવેન્દ્રિય સાધન નથી પણ ભાવેન્દ્રિય પરને નથી જાણતી. આહા!

મુમુક્ષુ :- પરને જાણવાનું સાધન પણ નથી.

ઉત્તર :- નથી. સ્વને જાણવાનું સાધન અને પરને જાણવાનું સાધન તે આત્માનું જ્ઞાન છે. અતીન્દ્રિયજ્ઞાનથી આત્મા પણ જાણવામાં આવે છે અને અતીન્દ્રિયજ્ઞાનથી લોકાલોક પણ જાણવામાં આવે છે. આહા!

મુમુક્ષુ :- આ વાત તો અહીં જ સાંભળવા મળી. બીજી કોઈ ઠેકાણે નથી.

ઉત્તર :- અમારે સંધ્યા શરૂઆતમાં આવી ને ત્યારે પરિચય થયો. શરૂઆતમાં, પાંચેક વર્ષ પહેલાંની વાત કરું છું. એ જયારે આ ભાવેન્દ્રિયની વાત કાઢી, આહાહા! ભાઈ! મારા દેશમાં આ વાત કોઈ કહેવાવાળું નથી. ભાવેન્દ્રિય તારી નથી, તે જ્ઞાન નથી જ્ઞેય છે. અમારે ત્યાં આ વાત ચાલતી નથી. કેમકે પુણ્યથી ધર્મ માને છે. તો તેનાથી તો આ વાત સૂક્ષ્મ છે. આહાહા! વાત સાચી છે. ..આપણે તો ૩૧ ગાથા લીધી ને. ૩૧ ગાથામાં જે શોર્ટમાં લખ્યું હતું તેનો વિસ્તાર આમાં છે. તેથી તેના ટેકા માટે અનુસંધાન માટે આ (૪૯મી ગાથા) લીધી. વધારે કલીયર થાય માટે. ખુલાસાને માટે. પુષ્ટિ માટે. આહાહા!

શું કહ્યું? જે કોઈ આત્મા પોતાના સ્વભાવની દષ્ટિથી આત્માને જોવે છે. આત્માને નથી દેખતા તેની વાત નથી. તેણે તો ભાવેન્દ્રિયને મારી માની લીધી. પણ જે પોતાના આત્માને જોવે છે તેની દષ્ટિથી જોવો તો ત્રિકાળી સામાન્ય ચિદાનંદ ભગવાનઆત્મા અતીન્દ્રિયજ્ઞાનમય મહા પદાર્થ છે તેના **સ્વભાવની દષ્ટીથી જોવામાં આવે તો ક્ષાયોપશમિકભાવનો પણ તેને અભાવ હોવાથી,** અભાવ કરવાનો નથી. તે જુદી જ છે. તેનાથી દેહ ભિન્ન, કર્મ ભિન્ન, પુણ્ય-પાપ રાગ ભિન્ન એમ પુણ્ય-પાપ ને દેહને જાણવાવાળું જ્ઞાન ભિન્ન છે. આહાહા!

રાગને કરવાવાળો જુદો છે તેનાથી તેને જાણવાવાળો જુદો છે. અને પ્રતિમાને જાણવાવાળો જુદો અને પોતાને જાણવાવાળો જુદો જ છે. આહાહા! બીજો બીજાને કરે છે, બીજો બીજાને જાણે છે. હું તો મને જાણું છું. આહાહા! રાગાદિ બીજો બીજાને કરે છે હું કરતો નથી. અને છ દ્રવ્યને જાણનારો બીજો છે અને આત્માને જાણનારો બીજો છે. આહાહા! બીજો બીજાને જાણે છે, હું મને જાણું છું. બીજો બીજાને જાણે છે. આને (પરને) કોણ જાણે છે? તો કહે બીજો, હું નહીં. નીલમ! (હા, બરાબર)

બીજો બીજાને જાણે છે. ઈન્દ્રિયજ્ઞાન આને (પરને)જાણે છે. હું આને (પરને) જાણતો નથી. મને પરપદાર્થ જણાતા નથી. હું તો જાણનારાને જાણું છું. આહાહા! અલૌકિક છે. સુરેન્દ્રભાઈ! આ ખંડજ્ઞાનથી જુદા પાડવાની વિધિ બતાવે છે. અંદરમાં જાવાની. અંદરમાં ઘુસવાની. (મુમુક્ષુ :- મોટી ભૂલ રહી જાય છે.) મોટી ભૂલ. આ ભણેલાની ભૂલ. અભણની ભૂલ પુણ્યથી ધર્મ થાય છે, તે અભણ. જે પંડિત નથી તેની ભૂલ છે. અને ભણેલાની ભૂલ. શાસ્ત્રજ્ઞાન છે. મેં શાસ્ત્ર જાણ્યા. આ ગાથામાં આ છે. સાધન શું? તો કહે જ્ઞાન. જ્ઞાન નથી તે જ્ઞેય છે. અજ્ઞાન છે, લે. આહાહા! અજ્ઞાન એટલે જે જ્ઞાન આત્માને ન જાણે તેનું નામ અજ્ઞાન.

**પોતાના સ્વભાવની દષ્ટિથી,** આહાહા! **જોવામાં આવે તો,** જેણે આત્મા જોયો છે તે લખે છે. જેણે આત્માને જોયો છે ભાવેન્દ્રિયથી જુદો પાડીને, તેવા ધર્માત્મા લખે છે કે અમે ખંડજ્ઞાનથી જુદો પાડીને અખંડજ્ઞાનને દષ્ટિમાં લીધો છે. તેની સ્વભાવની દષ્ટિથી જોઈએ છીએ તો આ ભાવેન્દ્રિય મારાથી ભિન્ન છે એમ અમને અનુભવમાં વર્તે છે. આહાહા! અમે અનુભવથી લખીએ છીએ.

**પોતાના સ્વભાવની દષ્ટિથી જોવામાં આવે તો,** આ તો મંત્રો છે. મિથ્યાત્વના અજ્ઞાનનું ઝેર અનાદિથી ચડી ગયું છે. આહાહા! આ જ્ઞાન મારું. આ ઉઘાડ બહુ વધી ગયો. પહેલાં ઓછું જાણતો હતો. હવે વધારે જાણું છું. એ જાણપણાનો આત્મામાં અભાવ છે. અભિમાન છે તારું. આહાહા! **પોતાના સ્વભાવની દષ્ટિથી જોવામાં આવે તો,** અંતરદષ્ટિ વડે ભગવાનઆત્માને જોવામાં આવે તો, જેણે જોયો છે તે લખે છે. જેણે આત્માને જોયો તે પુરુષ લખે છે. સંત લખે છે. **તો ક્ષાયોપશમિકભાવનો પણ,** ઉદયભાવ નથી ક્ષયોપશમભાવ લીધો. પુણ્ય-પાપ તો ઉદયભાવ છે. આ તો ક્ષયોપશમભાવ છે.

ઉદયભાવનો તો અભાવ પણ ક્ષયોપશમભાવનો પણ અભાવ. આહાહા!

રાગનો તો અભાવ સ્વીકારે પણ આ ઉઘાડ આત્માની ચીજ નથી ભાઈ! આહાહા! એ આત્મા તો નથી પણ આત્માના પરિણામ પણ નથી કેમકે તે અતીન્દ્રિયજ્ઞાનની જાત નથી. અતીન્દ્રિયજ્ઞાન જુદું ને ઈન્દ્રિયજ્ઞાન જુદું છે. આહાહા! **પોતાના સ્વભાવની દષ્ટિથી જોવામાં આવે તો,** એ શર્ત છે. શર્ત કહે, ઈન્દ્રિયજ્ઞાન જુદા કયારે જ્ઞાનમાં આવે કે પોતાના સ્વભાવને જોવે તો. પોતાના સ્વભાવને જોવાવાળું એક જ્ઞાન પ્રગટ થાય છે. તે જ્ઞાને જાણી લીધું કે ઈન્દ્રિયજ્ઞાન મારી ચીજ (નથી) મારાથી ભિન્ન છે. આહાહા!

**તો ક્ષાયોપશમિકભાવનો પણ તેને** એટલે આત્માને **અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી.** જીભ વડે તો રસનું જ્ઞાન થતું નથી પણ જીભની પાસે જે જ્ઞાનનો ઉઘાડ છે, ક્ષયોપશમજ્ઞાન, ઉપયોગ, ભાવેન્દ્રિય તેના વડે પણ રસનું જ્ઞાન થતું નથી. આહાહા! જીભ વડે મેં વસ્તુનું જ્ઞાન કર્યું તો જીભ અને આત્મા એક થઈ ગયા. અને જીભ વડે જણાતું નથી પણ ક્ષયોપશમજ્ઞાનનો ઉઘાડ છે ને તેના વડે મેં રસને જાણ્યો ખાટો છે ને મીઠો છે. આહાહા! એ ભાવેન્દ્રિયની સાથે એકત્વબુધ્ધિ કરી. અજ્ઞાન-મિથ્યાદષ્ટિ થઈ ગયો. કોઈક પામે છે તેનું કારણ આ છે. બધાય નથી પામતા અને કોઈક વિરલા પામે છે તેમાં ઘણો પુરુષાર્થ માગે છે. એ કોઈ સાધારણ વાત નથી.

મુમુક્ષુ :- આ ગ્રંથિ તોડવી અતિદુર્લભ છે.

ઉત્તર :- આ ગ્રંથિ તોડવી અતિદુર્લભ છે. આ ધ્યાનની શિબિરો અહીંયા બહુ ચાલે છે. નજીક સાંઈઠ કિલોમીટર ઈગતપુરીમાં. સમજી ગયા? જૈન તો છે, પણ ભાઈ! તમે ધ્યાન કરો છો (તે) શેનું ધ્યાન કરો છો? તો જવાબ નથી. અને શેના વડે ધ્યાન કરો છો? અમારા જ્ઞાન વડે. એ જ્ઞાન તમારું નથી. એ ધ્યાન કયા જ્ઞાન વડે કરો છો? કે વર્તમાન મારા જ્ઞાન વડે કરું છું. રાગ વડે ધ્યાન ન થાય, એમ. તો શેના વડે ધ્યાન થાય? કે જ્ઞાન વડે. કયુ જ્ઞાન? કે આ પાંચ ઈન્દ્રિયનું જ્ઞાન તો બંધ કરી દઈએ છીએ અમે. પાંચ ઈન્દ્રિયનું જ્ઞાન અમારું જ્ઞાન નથી. એમ. સારું તો કયું જ્ઞાન? કે મન વડે એવી શાંતિ થઈ જાય છે, આહાહા!

એ ભાવમનને પોતાનું માન્યું છે તે અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાનઆત્મા ને ભાવમન, એ જ્ઞાયક અને જ્ઞેય તેની એકતા થઈ ગઈ. જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ અજ્ઞાન છે. આહાહા! સંકરદોષ થઈ ગયો. ખીચડો થઈ ગયો. ભેદજ્ઞાન ન કર્યું, અભેદ કરી દીધું. ભેદને અભેદ કરી દીધું. આહા!

મુમુક્ષુ :- તોપણ અભેદ થયું નથી.

ઉત્તર :- થાય કયાંથી? તે તો નાશવાન છે. ઈન્દ્રિયજ્ઞાન તો નાશવાન છે. ભગવાનઆત્મા તો અવિનાશી છે. અવિનાશીતત્ત્વ અને નાશવાન એક કયાંથી થાય? આહા! પરાવલંબીજ્ઞાન અને અંતર્મુખ

જ્ઞાન, અંતઃતત્ત્વ અને બહિર્તત્ત્વ એક કયાંથી થાય? અંતઃતત્ત્વ અને બહિર્તત્ત્વ જુદા જુદા છે. અંતઃતત્ત્વ પરમાત્મા છે અંદરમાં અને બહિર્તત્ત્વ ભાવેન્દ્રિય છે. તે બહિર્તત્ત્વ છે. આહા!

આ તો પરમાત્મા થવા માટેના શાસ્ત્રો છે. જેને આત્મા જોઈએ. આત્માની રુચિ હોય તેને આ શાસ્ત્ર નિમિત્ત થાય. તેને હજી કાંઈક બીજું જોઈતું હોય, આહાહા! તો આ શાસ્ત્ર નિમિત્ત ન થાય. આ **પોતાના સ્વભાવની દષ્ટિથી જોવામાં આવે તો,**

મુમુક્ષુ :- ઈન્દ્રિયજ્ઞાન દ્વારા રસને જાણે તો તેમાં શું ભૂલ રહી જાય?

ઉત્તર :- રસને જાણવાનું સાધન ઈન્દ્રિયજ્ઞાન છે જ નહીં. અને તે રસને મેં જાણ્યો, મારા જ્ઞાને જાણ્યું, એટલે કે તે જ્ઞાનમાં આત્મબુધ્ધિ થઈ, તે જ્ઞેયમાં આત્મબુધ્ધિ કરી. તે ભૂલ થઈ ગઈ.

મુમુક્ષુ :- તે એકતાબુધ્ધિ તૂટતી જ નથી.

મુમુક્ષુ :- જે ઈન્દ્રિયજ્ઞાન વડે રસને ચાખે છે તે દિગંબર જૈન નથી.

ઉત્તર :- આહાહા! લ્યો! તમારી દીકરી બોલી મારે શું કરવું તેમાં? તમે ના પાડો અને તે બોલે. તમે બેય બાપ દીકરી સમજી લ્યો, તેમાં વચમાં આપણું કામ નથી. આપણે અંદરો અંદર ઘરમાં કયાં (માથું મારવું)ઘરનો કજીયો ઘરમાં સમજી લ્યો.

મુમુક્ષુ :- ગુરુદેવે આમ કહ્યું છે ને.

ઉત્તર :- ગુરુદેવે કહ્યું છે એટલે તો તું બોલે છે. બધાના ગુરુ તો એક છે. આહાહા!

આ વાત જગતને સાંભળવા મળતી નથી, અને સંધ્યા પાંચ વર્ષ પહેલાં કહેતી હતી અમારે ત્યાં તો (આ વાત) ચાલતી જ નથી. કે આ જ્ઞેય છે.

મુમુક્ષુ :- કોઈને પણ બે જ્ઞાન હોય છે, ઈન્દ્રિયજ્ઞાન, અતીન્દ્રિયજ્ઞાન બે પ્રકારના જ્ઞાન પણ ખબર નથી.

ઉત્તર :- ખબર પણ નથી.

મુમુક્ષુ :- તે જ્ઞાન નથી જ્ઞેય છે એવી પણ ખબર નથી.

ઉત્તર :- આ વાત તો સોનગઢના સંતે કાઢી અને એક પુરુષ નીકળ્યા, ક્રાંતિકારી પુરુષ. બીજા કોઈ જાણતા ન હતા. ત્યાગીવર્ગ, કહેવાતા મુનિઓ, ક્હેવાતા પંડિતો (પણ) કોઈ જાણતા નહોતા. આહાહા! પોતાના સ્વભાવની દષ્ટિથી જો. એક લીટી છે. પોતાના સ્વભાવની દષ્ટિથી જોવાથી, જોઈ લીધું કે ઈન્દ્રિયજ્ઞાન મારું નથી. ઈન્દ્રિયજ્ઞાન મારું નથી એમ પ્રતીતિ કેમ થાય? કે પોતાના સ્વભાવને જોવે તો. અતીન્દ્રિયજ્ઞાનમય આત્માને જાણવાવાળાને જાણે. જાણવાવાળાને જાણી લ્યે, તો તેમાં જાણવાની ક્રિયા નથી એમ ખબર પડી જાય છે. તેમાં જાણવાની ક્રિયા જ નથી. આહાહા! એ સમ્યક્ પ્રકારે જાણતું નથી.

પોતાના સ્વભાવની દષ્ટિથી જોવામાં આવે તો, આહા! અમૃત જેવું વાકય છે. ભાવેન્દ્રિયથી આત્મા જુદો છે (એમ) કેમ જાણવામાં આવે? પોતાના સ્વભાવની અંતર્મુખ દષ્ટિ કરીને જોવામાં આવે તો, એટલે કે અનુભવ કરવામાં આવે તો. સમજમાં આવે છે ને, બેન? હિન્દીમાં સમજમાં આવે છે ને? પોતાનો સ્વભાવ, આહા! પોતાનો સ્વભાવ શું છે? અતીન્દ્રિયજ્ઞાનમય મહાપદાર્થ છે. આહા! ૧૭૨ ગાથા અલીંગગ્રહણનો પહેલો બોલ તેમાં ચોખ્ખી વાત કરે છે કે, અલિંગગ્રહણ-અ એટલે નહીં, લીંગ એટલે ઇન્દ્રિયજ્ઞાન તેનાથી જાણવું થતું નથી. તેને અલિંગગ્રહણ કહે છે. તેથી આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે એવા અર્થની પ્રાપ્તિ થઈ જાય છે. બોલો! આ શાસ્ત્રનું વચન છે. છે ને?

મુમુક્ષુ :- પહેલાં ગુરુદેવના પ્રવચનમાં અલીંગગ્રહણનું આવતું હતું.

ઉત્તર :- બરાબર છે. મેઈન ચીજ છે. મેઈન ચીજ છે. શલ્ય થઈ ગયું છે કે હું ઇન્દ્રિયજ્ઞાન વડે જાણું છું શલ્ય છે. ઇન્દ્રિયજ્ઞાનને પોતાનું માને, ફરીથી. ઇન્દ્રિયજ્ઞાનને પોતાનું માન્યું. એમ કહ્યું અલીંગગ્રહણના પહેલાં બોલમાં કે આ આત્મા છે એ અલિંગગ્રહણ છે. અ એટલે નહીં, લિંગ એટલે ચિહ્ન, એંધાણ-સાધન-ઇન્દ્રિયજ્ઞાન. અ એટલે નહીં. ઇન્દ્રિયજ્ઞાન આત્માનું નથી અને એ વડે આત્મા જાણતો પણ નથી. અલિંગગ્રહણ-ગ્રહણ એટલે જાણવું.

ઇન્દ્રિયજ્ઞાન વડે આત્મા જાણતો નથી. અને જે ઇન્દ્રિયજ્ઞાન વડે જાણે છે તેને અમે આત્મા કહેતા નથી. શું કહ્યું? કે ઇન્દ્રિયજ્ઞાન વડે પરને હું જાણું છું એમ જેની માન્યતા છે તેને અમે આત્મા કહેતા નથી તે અનાત્મા-અજ્ઞાનાત્મા છે. આહાહા! અને અલિંગગ્રહણ(ના) બીજા બોલમાં એમ કહ્યું કે ઇન્દ્રિયજ્ઞાન વડે આત્મા જણાતો નથી. ઇન્દ્રિયજ્ઞાનમાં પાંચ ઇન્દ્રિય તો સ્થૂળ છે તેની વાત નથી. ભાવમન વડે, ભાવેન્દ્રિય વડે આત્મા જણાતો પણ નથી.

પાંચ ઇન્દ્રિયનો વિષય તો રૂપી છે અને મનનો વિષય રૂપી-અરૂપી બેય છે. પણ મનનો વિષય જે રૂપી કહ્યો, મનનો વિષય રૂપી કહ્યો અને અરૂપી કહ્યો, મનનો વિષય પણ અરૂપી કહ્યો તે પરોક્ષ છે પ્રત્યક્ષ નથી. મન વડે આત્મા અનુભવમાં આવતો નથી. મન વડે રાગ અનુભવમાં આવે છે. મન વડે વિકલ્પ અનુભવમાં આવે છે. આત્મા મનનો વિષય નથી. મનાતિત થઈ જાય છે અનુભવના કાળે. 'મન પાવે વિશ્રામ'

મનનો વિષય ... એક પંડિત અમદાવાદમાં મળ્યા હતા. પંડિત ને બીજા અભ્યાસી ત્યાગી અમદાવાદમાં ખાનગીમાં ચર્ચા થઈ કે મારે થોડી ચર્ચા કરવી છે. બેઠા. કે મન વડે આત્માનો અનુભવ થાય કે નહીં? બિલકુલ ન થાય. કે તો પછી તત્ત્વાર્થસૂત્રમાં મતિશ્રુત લખ્યું છે એ તો આદિયે પરોક્ષ એમ લખ્યું છે તો મતિજ્ઞાન વડે આત્માનો પ્રત્યક્ષ અનુભવ તો થાય નહીં. મેં કહ્યું-એ જે મતિશ્રુત છે તેના બે ભેદ છે. એક અતીન્દ્રિયજ્ઞાન અને એક ઇન્દ્રિયજ્ઞાન. બેયના નામ મતિશ્રુત છે. નામ બેયના મતિશ્રુત છે. એક

જ છે. ભાવેન્દ્રિયને પણ મતિશ્રુત કહેવાય અને અતીન્દ્રિયજ્ઞાનને પણ મતિશ્રુત કહેવાય. આહાહા!

એ અતીન્દ્રિયજ્ઞાન આત્માને પ્રત્યક્ષ જાણે છે. તે મતિશ્રુતજ્ઞાન જે ઈન્દ્રિયજ્ઞાન છે તે આત્માને જાણતું નથી. તેને બેઠું નહીં. શું કરે? આદિયે પરોક્ષમ્ એટલે પ્રત્યક્ષ નથી. વર્તમાન કાળમાં બધાને મતિશ્રુત છે. અને આત્મા અનુભવમાં આવતો નથી એવું શલ્ય ઘરી ગયું છે. ભાઈ! મતિશ્રુત વડે આત્મા જણાય નહીં. કેમ કે આદિયે પરોક્ષમ્. મતિશ્રુતજ્ઞાન પરોક્ષ છે અને અવધિજ્ઞાન એકદેશ પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન સર્વદેશ પ્રત્યક્ષ છે. માટે પ્રત્યક્ષ વિશેષણ ત્રણ જ્ઞાનને લગાડયા છે. મતિ-શ્રુતને પ્રત્યક્ષ વિશેષણ નથી માટે આત્મા અત્યારે પ્રત્યક્ષ અનુભવમાં આવતો નથી. (એમ) અજ્ઞાની કલ્પના કરે છે. એ અજ્ઞાની છે. આહા!

મુમુક્ષુ :- ૧૪૪માં શ્રુતજ્ઞાનમાં અનુભવ થાય છે તેમ કીધું છે.

ઉત્તર :- એમ જ છે પણ. મતિ-શ્રુતમાં જ અનુભવ થાય પણ તારા મતિ-શ્રુતમાં નહીં. તું જેને મતિ-શ્રુત કહે છે તે કુમતિ અને કુશ્રુત છે.

મુમુક્ષુ :- જ્ઞાન જ નથી તે તો.

ઉત્તર :- જ્ઞાન ક્યાં છે? અદભૂત વાત છે.

મુમુક્ષુ :- બહુ જ સારું સ્પષ્ટીકરણ આવ્યું.

ઉત્તર :- સ્પષ્ટીકરણ છે આ.

કહે છે **પોતાના સ્વભાવની દષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિકભાવનો** એટલે જ્ઞાનનો એટલે ઉઘાડનો એટલે જ્ઞેયનો **પણ તેને** એટલે આત્માને **અભાવ હોવાથી તે** એટલે આત્મા **ભાવેન્દ્રિયના અવલંબન વડે,** આહાહા! રસને જાણવાનું સાધન ભાવેન્દ્રિય નથી. તેના વડે નહીં આત્મા વડે રસ જણાય છે. ચૈતન્યરસને જે જ્ઞાન જાણે છે તે પુદ્‌ગલના રસને પર તરીકે જાણે છે. **ભાવેન્દ્રિયના અવલંબન વડે** પણ રસ ચાખતો નથી માટે અરસ છે. લ્યો! આજે કલાક થઈ ગયો. કાલ ફરીથી લઈશું. આ બોલ સારો છે. આ બોલ ઘૂંટવા જેવો છે.

મુમુક્ષુ :- આ અનુસંધાન પૂરું થયા પછી અલિંગગ્રહણ પહેલાં લઈ લેશું?

ઉત્તર :- લઈ લેશું. પ્રવચનસાર આપણી પાસે છે. છે કાલ લઈ આવજો પ્રવચનસાર. તેનું અનુસંધાન-બે બોલ સારા છે, લેવા જેવા છે.

卐